વિષય :– પરીક્ષા સંચાલન ખર્ચ અંગે...

**<u>પરિપત્ર ક્રમાંક : /૨૪૮ /૨૦૧૩</u>**

આ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષશ્રીઓ / કો.ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની લેવાનાર જુદી જુદી પરીક્ષાઓના સંચાલન ખર્ચ પેટે અત્યાર સુધી યુનિવર્સિટી તરફથી ખર્ચની રકમના અમુક ટકા પેશગી આપવામાં આવે છે. ત્યારબાદ કોલેજો દ્વારા સંચાલન ખર્ચના બીલો તૈયાર કરી યુનિવર્સિટી ખાતે પેશગી સરભરના હિસાબો રજુ કરવામાં આવે છે.

હવે CBCS અને સેમેસ્ટર પધ્ધતિથી પરીક્ષા પ્રથા દાખલ થયેલ હોઈ કોલેજ કક્ષાએ પ્રવેશ પ્રક્રિયા પરીક્ષા સબંધી, પરીક્ષા સંચાલન, તેમજ તેને લગતું આયોજન અને પરીક્ષા સબંધી તૈયારી / આંતરીક કસોટીઓ, મૂલ્યાંકન વગેરેની વહીવટી કામગીરી મહદઅંશે વધી ગયેલ હોઈ, તેમજ કોલેજોને સ્ટાફના ઘટના કારણે ખૂબ જ વહીવટીય મુશ્કેલીઓ પડતી હોઈ. સમયસર પેશગીની માંગણી અને ચુકવણીમાં મુશ્કેલીઓ પડતી હોઈ અને ત્યારબાદ પરીક્ષા સબંધી કામગીરીના બીલો બનાવી યુનિવર્સિટી ખાતે સરભર માટે મોકલવામાં વિલંબ થતો હોઈ, ત્યારબાદ યુનિવર્સિટી કક્ષાએ પણ જુદા જુદા તબકકે બીલોની ચકાસણી, બીલ સબંધી ક્ષતિપૂર્તતા વગેરેમાં પણ વહીવટી પ્રક્રિયામાં ઘણો સમય જતો હોઈ. કોલેજોને કરેલ કામગીરી કે ખર્ચના નાણાં સમયસર આપી શકાય તે માટે અને બીલો સરભર જેવી વહીવટી કામગીરી ઘટાડવા માટે કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક : ૬૦ તા.૩૦.૧૦.૨૦૧૩ થી યુનિવર્સિટીની આગામી લેવાનાર માહે : ઓકટો–ડિસે. : ૨૦૧૩ ની પરીક્ષાના સંચાલન ખર્ચની ઉપરોકત પ્રક્રિયામાં જરૂરી ફેરફાર કરી કોલેજ / વિભાગ ખાતેના કેન્દ્રો ખાતે બેસનાર કુલ વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા.૮૦/– લેખે સમગ્ર પરીક્ષા સંચાલનની પ્રક્રિયાનો ખર્ચ હવેથી ચૂકવવામાં આવશે. અને પરીક્ષા સંચાલન ખર્ચ માટે અત્રેથી કરેલ પરીપત્ર ક્રમાંક : ૭૬ જાવક નં.પરી / સંચાલન / ૮૫૦ / ૨૦૧૩ તા.૯/૪/૨૦૧૩ પ્રમાણે નકકી કરેલ મહેકમના માળખા પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. અને તેમાં સંચાલન ખર્ચના તમામ સ્ટેટમેન્ટ–એ, બી, સી, ડી, ઈ ના પત્રકો પ્રમાણેના ખર્ચનો તથા અન્ય પરીક્ષાલક્ષી તમામ પરચૂરણ ખર્ચ અને સ્ટેશનરી ખર્ચ સહિતનો ખર્ચ સદર રકમમાંથી ચુકવવાનો રહેશે અને પરીક્ષા સંચાલનલક્ષી કોઈ પણ વધારાની રકમ ત્યારબાદ યુનિ. ચૂકવશે નહી.

આમ, કોલેજને કુલ વિદ્યાર્થી દીઠ ચુકવવામાં આવનાર ખર્ચની રકમમાંથી કોલેજ કક્ષાએ આચાર્યશ્રીને તેમજ યુનિવર્સિટી ભવનોમાં અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓને સદર કેન્દ્રના પરીક્ષા સંચાલન ઉપર દેખરેખ રાખવા કે તેના આયોજન તેમજ નિયંત્રણ માટે ચીફ કંડકટરશ્રીની આદેશાનુસાર નિમણુંક કરવાની રહેશે. કોલેજ કક્ષાએ તેમજ ભવનોમાં જેટલા દિવસો પરીક્ષા ચાલે તેટલા દિવસોનું ચીફ કંડકટર તરીકેનું પ્રતિદિન દૈનિક રૂા.૩૦૦/– લેખે મહેનતાણું ઉપરોકત પ્રતિ વિદ્યાર્થી દીઠ ચુકવવામાં આવનાર ખર્ચમાંથી ચુકવવાનું રહેશે.

કોલેજના આચાર્યશ્રી તેમજ ભવનોના અધ્યક્ષશ્રીઓ / કો–ઓર્ડીનેટરશ્રીઓએ તેઓના કેન્દ્રોમાં કઈ પરીક્ષામાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ છે, તેમજ લેખીત પરીક્ષા કેટલા દિવસ કેન્દ્ર ખાતે ચાલેલ છે તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**(નોંધ :**–લઘુત્તમ બ્લોક દીઠ ૩૦ વિદ્યાર્થી સંખ્યાના આધારે બે બ્લોકના ૬૦ વિદ્યાર્થીઓના આધારે કેન્દ્રને ચુકવવામાં આવશે. વધુમાં યુનિવર્સિટી દ્વારા જે રકમ ચૂકવવામાં આવે તે રકમની પહોંચ અવશ્ય મોકલી આપવાની રહેશે.

વધુમાં કારોબારી સમિતિની ભલામણથી ઓકટો–નવે–૨૦૧૩ થી ડીઝર્ટેશન મૂલ્યાંકનના દર નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

| | પરીક્ષા | રૂપિયા |
|---|---|---|
| ૧. | એમ.ફીલ. | ૩૦૦/– |
| ૨. | એમ.એસ.સી. | ૧૦૦/– |
| ૩. | એમ.બી.એ. | ૨૦૦/– |
| ૪. | એમ.એ. / એમ.કોમ. તથા અન્ય પરીક્ષા ડીઝર્ટેશન દીઠ | ૫૦/– |

વધુમાં જયાં એક કરતા વધારે પ્રાધ્યાપકશ્રીઓ મૂલ્યાંકન કામગીરી કરે ત્યાં મહેનતાણું મૂલ્યાંકનકાર / અધ્યાપક દીઠ ભાગવાનું રહેશે.

(ડૉ. ગિરીશ જે. ઠકકર)
**પરીક્ષા નિયામક**

જાવક નં. પરીક્ષા/સંચાલન/૭૫૬૫ / ૨૦૧૩
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ – ૩૮૪ ૨૬૫
તારીખ : ૩૧ –૧૨– ૨૦૧૩

પ્રતિ,

૧. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજોઓના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ. / EMAIL સહિત

૨. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૩. પોસ્ટ ગ્રેજયુએટ કોલેજના આચાર્યશ્રી / વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

૪. માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ. ઉ.ગુ. યુનિ., પાટણ તરફ જાણ સારૂ

૨. પરીક્ષા નિયામકશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૩. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ

૪. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ

૫. હેડક્લાર્ક – ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા(પરીક્ષા)

૬. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ

૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ E-MAIL દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારૂં.